"રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ" (Regional Science Museum)ના નામમાં સુધારો કરી "રિજિયોનલ સાયન્સ સેન્ટર" (Regional Science Centre) કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ GCT-102022-04-BT
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
સચિવાલય,ગાંધીનગર.

તા. 19 JAN 2022

**વંચાણે લીધાઃ**

(૧) ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)ની તારીખ ૧૮.૧૨.૨૦૨૧ ની દરખાસ્ત.

**આમુખ:**

રાજ્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)ની સ્થાપના વર્ષ ૧૯૮૬માં કરવામાં આવી હતી. જે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કામ કરતી નોડલ સંસ્થા છે અને તે વિજ્ઞાન અને ટેકનોલોજીનાં વિકાસ તથા પ્રચાર અને પ્રસાર માટે વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ રીસર્ચ, સરકારી એજન્સી અને ઉદ્યોગો વચ્ચે સંપર્ક અને સહકાર સાધે છે.

રાજ્યના સર્વાંગી વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર અને પ્રસાર માટે, નાગરિકોના સામાજીક અને આર્થિક વિકાસ માટે, લોક જાગૃતિ કેળવવા માટે, કૃષિ અને કૃષિ આધારીત ઉદ્યોગો, સંદેશા, વાહન વ્યવહાર, સિંચાઈ બાંધકામ, પર્યાવરણ, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં આધુનિક ટેકનોલોજી દ્વારા વિકાસ સાધી શકાય તે હેતુથી ગુજકોસ્ટ દ્વારા રાજયમાં જુદી જુદી જગ્યાએ 'રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ'ની સ્થાપના કરવામાં આવેલ છે.

રાજ્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર અને પ્રસારના હેતુસર ગુજકોસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. ગુજકોસ્ટની આ જ પ્રવૃત્તિઓ- કાર્યક્રમોમાં વધુ ને વધુ લોકોને ભાગીદાર બનાવવામાં અને વિજ્ઞાન અને ટેકનોલોજીનો રાજ્યમાં વ્યાપ વધારવામાં, આ રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ ખૂબ જ મહત્વના સાબિત થશે.

રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમની પ્રવૃતિઓનો વ્યાપ અને હેતુને ધ્યાને લેતા ગુજકોસ્ટ દ્વારા "રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ" નું નામ બદલી "રિજિયોનલ સાયન્સ સેન્ટર" કરવા અંગેની દરખાસ્ત ગુજકોસ્ટની ૩૮મી એક્ઝીક્યુટીવ કમિટિમાં રજૂ કરવામાં આવેલ હતી. જેને કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ ગુજકોસ્ટ દ્વારા "રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ" નું નામ બદલી "રિજિયોનલ સાયન્સ સેન્ટર" કરવા અંગેની દરખાસ્ત વિભાગને મંજૂરી અર્થે મોકલવામાં આવેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા રાજ્યમાં નિર્માણ પામી રહેલા "રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ" (Regional Science Museum) નું નામ બદલીને "રિજિયોનલ સાયન્સ સેન્ટર" (Regional Science Centre) કરવા માટે મંજૂરી આપવામાં આવે છે. આ ઉપરાંત રાજયમાં ભવિષ્યમાં અન્ય વિસ્તારમાં બનાવવામાં આવનાર સાયન્સ મ્યુઝિયમનું નામ પણ "રિજિયોનલ સાયન્સ સેન્ટર" રહેશે.

ગુજકોસ્ટ દ્વારા નિર્માણ પામી રહેલા રિજિયોનલ સાયન્સ મ્યુઝીયમોના નામમાં થયેલ ફેરફાર બાદ, આ રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ અંગેની ફાઈલો, દરખાસ્તો, નોંધ વગેરે વિભાગ ખાતે 'રિજિયોનલ સાયન્સ સેન્ટર'ના નામથી જ મોકલવાની રહેશે.

તમામ સરકારી દસ્તાવેજો, રેકર્ડ, બેન્ક તેમજ જરૂર જણાય ત્યાં "રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ" (Regional Science Museum) નું નામ બદલીને "રિજિયોનલ સાયન્સ સેન્ટર" કરવા અંગેની જરૂરી વહીવટી કાર્યવાહી ગુજકોસ્ટ દ્વારા કરવાની રહેશે.

(આર.એચ.ભાભોર)
ઉપસચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી(વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.

(૨ ) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રીનું કાર્યાલય, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩ ) સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪ ) કલેકટરશ્રી, રાજકોટ, ભાવનગર, પાટણ અને ભુજ.

(૫ ) મ્યુનિસિપલ કમિશનરશ્રી, રાજકોટ, ભાવનગર, પાટણ અને ભુજ.

(૬ ) નાયબ સચિવશ્રી (બીટી),વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭ ) નાયબ સચિવશ્રી (આઈ.ટી), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮ ) નાણા સલાહકારશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ), સચિવાલય, ગાંધીનગર.

(૯) મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય રાજકોટ/અમદાવાદ.

(૧૦) નિવાસી ઑડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૧૧) સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર.

(૧૨ ) ઉપ સચિવશ્રી(બજેટ), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) ઉપસચિવશ્રી(આઇ.ટી.), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર,

(૧૪) રોકડ શાખા, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૫) સિસ્ટમ મેનેજર, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઠરાવ વિભાગની વેબસાઇટ પર Upload કરવાની વિનંતી સહ.)

(૧૬) શાખા પસંદગી ફાઇલ.